SAMAJ GOSHTHI

# સમાજગોષ્ઠિ

July - 2022




## આણંદમાં સ્વ. લલિતાબેન વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પ્રાઈમરી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના ઉદ્ ઘાટન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો

સમાજનાં ત્રણ વિરાટ પગલાં...

| સમૂહલગ્નોત્સવ | ચારુસેટ યુનિવર્સિટી | ચારુસેટ હૉસ્પિટલ |
|---|---|---|

# CHARUSAT
अमृतं तु विद्या
CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY

Recognized Under Section 2F of UGC Act 1956

## CENTER OF EXCELLENCE
by Government of Gujarat

**1ST PRIVATE UNIVERSITY IN GUJARAT TO RECEIVE "A" GRADE BY NAAC IN ITS FIRST CYCLE**

*High Moral Values of*
***Honesty, Integrity & Transparency***

## Faculties and Institutes @ CHARUSAT

**Faculty of Technology & Engineering ▶ B. Tech • M. Tech • Ph.D**
Computer Engineering / Electronics & Communication Engineering / Civil Engineering / Information Technology / Mechanical Engineering / Electrical Engineering / Computer Science & Engineering
Chandubhai S Patel Institute of Technology
Patronized by Sumitraben C Patel (Pharma Industrialist, USA)
Devang Patel Institute of Advance Technology and Research
Patronized by Shri Devang Patel, Scion of IPCO Family

**Faculty of Computer Science and Applications ▶ BCA • B.Sc. IT • MCA • M.Sc. IT • Ph.D**
Smt. Chandaben Mohanbhai Patel Institute of Computer Applications
Patronized by Dr. M. I. Patel, an industrialist of repute & Former Sheriff, Mumbai

**Faculty of Sciences ▶ B. Sc. • M. Sc. • Ph.D**
B.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Chemistry (Hons.)/ M.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Physics / Advance Organic Chemistry / Mathematics
P D Patel Institute of Applied Sciences (22nd Rank @ NIRF, Govt. of India)
Patronized by Shri P D Patel, Emirates Transformer & Switchgear Ltd., Dubai

**Faculty of Management Studies ▶ BBA • MBA • Ph.D**
Indukaka Ipcowala Institute of Management
Patronized by IPCO Industries - A Business House of repute


**Faculty of Pharmacy ▶ B. Pharm • M. Pharm • Ph.D**
Ramanbhai Patel College of Pharmacy
Patronized by Pharma Giant Zydus Cadila Healthcare Ltd.

**Faculty of Medical Sciences**
**Manikaka Topawala Institute of Nursing ▶ B. Sc.• GNM •M. Sc.•Ph.D**
Patronized by Sumitraben C. Patel & Jyotsnaben H. Patel, USA
**Ashok & Rita Patel Institute of Physiotherapy ▶ BPT • MPT • Ph.D**
Patronized by Shri Ashok C. Patel, Businessman, USA
**Bapubhai Desaibhai Patel Institute of Paramedical Sciences**
Patronized by Shri Rajendra B. Patel (Engineer) & Family, USA
B.Sc. in Medical Imaging Technology / Operation Theatre & Anesthesia Technology / Medical Laboratory Technology / Bachelor of Optometry
M.Sc. in Medical Laboratory Technology / Medical & Imaging Technology
P.G. Diploma in Medical Laboratory Technology / Clinical Hypnosis • Ph.D

## Stellar Features of CHARUSAT

- 120 Acres of Lush Green Campus
- Selected as one of 4 Universities under DASA Scheme of Government of India for Admission of Foreign Students
- 24 hours 1150 MBPS Internet Facility and Wi-Fi- Free
- Distinguished Qualified Faculty
- More than 150 Hi-tech Teaching and Research Labs accessible 24 Hours
- Exclusive Fitness Centre, Gymnasium, Indoor and Outdoor Sports Facilities
- Student Well-ness Program

"I am happy to know that CHARUSAT has a goal set for mission of social upliftment with components of knowledge acquisition and imparting education."



**Dr. APJ Abdul Kalam**
Former President of India
Architect of Missile Program of India



"CHARUSAT is indeed a Golden Truth of Gujarat."
**Shri Narendra Modi**
Hon. Prime Minister of India

## Centres and Cells at CHARUSAT

International Center for Cosmology
Frontier research on the nature and structure of the Universe

CHARUSAT Space Research & Technology Centre
Research / Projects in Satellite Technology with ISRO, IPR & IRDE

Dr. K. C. Patel Research & Development Centre
Research in Solar Cells, Solar Power Systems, Nano-Drug Delivery, Bio-Sensors, Electronic Composite Sensors and more

Pramukh Swami Centre of Excellence in Renewable Energy
Research in Renewable Energy and Resources which can naturally be replenished

Pri. B. I. Patel Human Resource Development Centre
All-round development of Human Resource

CHARUSAT Rural Education Development Program
A unique program for the amelioration of school education in rural areas

IPR CELL
To facilitate and protect innovations through IPR

## Research, Collaborations & Projects

- Harrisburg University, USA
- Technische Universitat, Dresden, Germany
- PCSD @ OECD, France
- Slovenian Academy of Sciences
- Synergy University, Russia
- AIMST University, Malaysia
- Chonnam National University, Gwangju, South Korea
- University of Bielsko-Biala, Poland
- Institute for Systems & Computer Engineering, Technology & Science, Portugal
- Department of Science &Technology, Government of India
- Bhabha Atomic Research Center, Government of India
- ISRO, Government of India
- Defence Research & Development Organization, India
- UGC - DAE Consortium for Scientific Research, New Delhi
- All India Council for Technical Education, Government of India
- Gujarat Electronics & Software Industries Association
- Gujarat Council on Science & Technology, Government of Gujarat
- Nursing Research Society of India
- Department of Biotechnology, Government of India
- Gujarat Social Infrastructure Development Society, (GSIDS)
- Zydus Research Center
- Frige House - Institute of Human Genetics
- Central Salt And Marine Chemicals Research Institute, Bhavnagar

*and many more...*

CHRF
**CHARUSAT HOSPITAL**
Care with compassion...

**150 Bed**
**NABH Accredited**
**Multispecialty Teaching Hospital**

72+ UG, PG & Ph D Programs

8000+ Students Pursuing Education

300+ Industries & Organisations Associated

10000+ Students Placed

80+ Entrepreneurs Created

Clinical Exposure @ 150 Bed NABH Accredited CHARUSAT Hospital

**CONTACT US :**
**Charotar University of Science & Technology**
CHARUSAT Campus - Changa, Off Nadiad-Petlad Highway
PIN-388421 GUJARAT, INDIA
Ph +91-2697-265011/21
E-mail: info@charusat.ac.in

**Aegis:** Shri Charotar Moti Sattavis Patidar Kelavani Mandal
**President:** Shri Surendra M. Patel • **Secretary:** Dr. M. C. Patel

www.charusat.ac.in

# શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા

**સમાજનાં ત્રણ વિરાટ પગલાં...** સમૂહલગ્નોત્સવ | ચારૂસેટ યુનિવર્સિટી | ચારૂસેટ હૉસ્પિટલ

સ્થાપના : સંવત ૧૯૫૧ જેઠ સુદ ૧૨, સોમવાર, તા. ૦૪/૦૬/૧૮૯૫ | નોંધણી ક્રમાંક : એફ/૩૯૫/ખેડા • તા. ૪/૬/૧૯૮૭
બંધારણીય માળખાની રચના : તા. ૩૧/૫/૧૯૮૭ | નવો નંબર : એફ/૨૫૪/આણંદ | ગુજ./૫૮૭/ખેડા • તા. ૨૯/૮/૧૯૮૭

## માનદ્ મેનેજમેન્ટ ટીમ (૨૦૨૨-૨૦૨૭)

| | | |
|---|---|---|
| પૂર્વ પ્રમુખ : | **શ્રી બેચરભાઈ મોતીભાઈ પટેલ** | (ચકલાસી) |
| | **શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ** | (મલાતજ) |
| પ્રમુખશ્રી : | **શ્રી નગીનભાઈ એમ. પટેલ** | (ચકલાસી) |
| ઉપપ્રમુખ : | **શ્રી નવનીતભાઈ એચ. પટેલ** | (અજરપુરા) |
| | **શ્રી ગિરિશભાઈ બી. પટેલ** | (નડીયાદ ઘટક) |
| મંત્રી : | **ડૉ. એમ. સી. પટેલ** | (ખાંધલી) |
| સહમંત્રી : | **પ્રિ. ધીરૂભાઈ સી. પટેલ** | (બાકરોલ) |
| | **શ્રી વિપુલભાઈ વી. પટેલ** | (ડભોઉ) |
| | **શ્રી ભારતીબેન પી. પટેલ** | (અમદાવાદ ઘટક) |
| ખજાનચી : | **શ્રી કિરણભાઈ આઈ. પટેલ** | (આણંદ) |

### ટ્રસ્ટીશ્રીઓ :

| | | |
|---|---|---|
| ૧. | **શ્રી દિપકભાઈ સી. પટેલ (સાથી)** | (આણંદ) |
| ૨. | **શ્રી જશભાઈ પી. પટેલ** | (ચકલાસી) |
| ૩. | **શ્રી ચંદ્રકાન્તભાઈ એમ. પટેલ** | (બાકરોલ) |
| ૪. | **પ્રિ. શ્રી રમણભાઈ વી. પટેલ** | (મહુધા) |
| ૫. | **શ્રી જયંતિભાઈ ડી. પટેલ** | (ડુમરાલ) |

### દાતા ટ્રસ્ટીશ્રીઓ :

| | | |
|---|---|---|
| ૧. | **શ્રી કમલેશભાઈ છોટાભાઈ પટેલ** | (મલાતજ) |
| ૨. | **શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલ** | (ડભાણ) |
| ૩. | **શ્રી વિપેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ** | (આણંદ) |
| ૪. | **શ્રી ઘનશ્યામભાઈ ઉમેદભાઈ પટેલ** | (પીપલગ) |

### ઈન્ટરનલ ઑડિટર

**શ્રી પ્રિતેશભાઈ એમ. પટેલ** (રામોલ)

### વિવિધ પેટા સમિતિ :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **પ્રમુખ સ્વામિ સાંસ્કૃતિક કેન્દ્ર-સમાજવાડી, પીપલગ** | કન્વીનર | શ્રી ચિરાગભાઈ આર. પટેલ | (પીપલગ) |
| ૨ | **સમૂહલગ્ન સમિતિ** | કન્વીનર | શ્રી કલ્પેશભાઈ કે. પટેલ | (નડીયાદ ઘટક) |
| ૩ | **મેરેજ બ્યુરો સમિતિ** | કન્વીનર | શ્રી ભાનુભાઈ એસ. પટેલ | (આણંદ) |
| ૪ | **લગ્નોત્સુક પસંદગી સમિતિ** | કન્વીનર | શ્રી ભગવાનદાસ એ. પટેલ | (પણસોરા) |
| ૫ | **યુવા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી ચિરાગભાઈ પી. પટેલ | (આણંદ ઘટક) |
| ૬ | **મહિલા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી બિન્દુબેન ડી. પટેલ | (આણંદ) |
| ૭ | **'સમાજગોષ્ઠિ' સમિતિ** | કન્વીનર | પ્રા. ડૉ. શરદભાઈ કે. પટેલ | (નરસંડા) |
| ૮ | **પ્રચાર પ્રસાર સમિતિ** | કન્વીનર | શ્રી અશ્વિનભાઈ વિ. પટેલ | (આણંદ ઘટક) |

## માતૃસંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય

**'ઉત્કર્ષ' કોમ્પ્લેક્ષ**
C/o. ડી. ઝેડ. પટેલ હાયર સેકન્ડરી હાઈસ્કૂલ, ૮૦ ફુટનો રોડ,
બીગ બજાર સામે, આણંદ-૩૮૮ ૦૦૧.
Email: chhatralayanand@gmail.com

# Honorary Social Management Team (2019-24)

**TRUSTEES**

Shri Naginbhai M. Patel
Shri Dipakbhai C. Patel
Shri Manubhai P. D. Patel
Shri Virendra S. Patel
Shri Chandrakant V. Patel
Shri Vishnubhai V. Patel

**OFFICE BEARERS**

| | | |
|---|---|---|
| President | : | Shri Surendra M. Patel |
| Secretary | : | Dr. M. C. Patel |
| Vice President | : | Shri Chimanbhai A. Patel<br>Shri Kiran I. Patel<br>Shri Ashok R. Patel |
| Jt. Secretary | : | Smt. Madhukanta J. Patel<br>Shri Girishbhai B. Patel<br>Shri Vipulbhai V. Patel |
| Treasurer | : | Shri Girishbhai C. Patel |
| Legal Advisor | : | Shri Hemantbhai J. Patel |

Internal Auditor : Shri Bipinbhai K. Patel

**CONVENERS - SUB COMMITTEES**

| | | |
|---|---|---|
| Construction Committee | : | Shri Chimanbhai A. Patel |
| Land Acquiring Committee | : | Shri J. D. Patel (Dalal) |
| Fund Raising Committee | : | Shri Navnitbhai H. Patel |
| Financial Aid & Prize Distribution Committee | : | Dr. Sharadbhai K. Patel |
| CHARUSAT Financial Aid Distribution Committee | : | Shri Dilipbhai R. Patel |
| Publication Committee | : | Prin. R. V. Patel |
| Public Relations Committee | : | Shri Kalpesh K. Patel |
| CHARUSAT Girls Hostel Conglomerate Committee | : | Smt. Madhukanta J. Patel |
| Education Amelioration Committee | : | Shri Ashokbhai R. Patel |
| Rural Education & Extension Committee | : | Shri Pankajbhai N. Patel |
| N. R. I. Liaison Committee | : | Shri Girishbhai B. Patel |

## Education Campus –Anand

Coordinator : Shri Chirag C. Patel (Radhu)

- D Z Patel (Ramol/London) Higher Secondary School
- Jashkamal (Milcent) Management Training Centre

## Education Campus – Kathlal

Coordinator : Shri Nayan S. Patel

CHARUSAT Vidyalaya

## CHARUSAT Campus -Changa

- Research and Innovation based **CHARUSAT University**
- 450 Bed World-Class Multi-specialty **CHARUSAT Hospital**

**Trust Office:** C/o. Charusat Campus, Changa-388 421, Ta. Petlad, Dist. Anand (Gujarat) India.
Ph:# +91-2697-265011, 265021, Email: moti27kelavanimandal@gmail.com

સળંગ અંક - ૩૨૧

## સમાજગોષ્ઠિ (માસિક)

☑ **મંગલ પ્રારંભ :**
તા. ૦૪/૦૬/૧૯૯૫ માતૃસંસ્થા શતાબ્દી ઉજવણી ટાણે

☑ **આદ્યસંપાદક :**
પ્રિ. આર. વી. પટેલ (પરામર્શક)

☑ **સંપાદક વૃંદ :**

| | |
|---|---|
| **પ્રૉ. ડૉ. શરદભાઈ કે. પટેલ** | સંપાદક |
| **ડૉ. ભાસ્કર કે. પંડ્યા** (ચારૂસેટ) | સભ્યશ્રી |
| **પ્રા. ડૉ. હિતેશ એન. પટેલ** | સભ્યશ્રી |
| **પ્રિ. ઠાકોરભાઈ જે. પટેલ** | સભ્યશ્રી |
| **પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ** | સભ્યશ્રી |

☑ **પ્રકાશક :**
શ્રી ચ.મો.સ. લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા વતી ખજાનચી, શ્રી કિરણભાઈ આઈ. પટેલ

☑ **મુદ્રક :**
ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ, આણંદ
ફોનઃ ૦૨૬૯૨-૨૪૧૨૫૪

☑ **પ્રત :** ૫,૦૦૦

☑ **સંપાદક :**
**પ્રૉ. ડૉ. શરદભાઈ કે. પટેલ**
ફોનઃ ૦૨૬૯૨-૨૪૮૭૨૨ (ઓ)
શિવ-૯/બી, નાલંદાનગર સોસાયટી,
ટાઉનહોલ પાછળ, આણંદ,

☑ **લવાજમ :**

| | | |
|---|---|---|
| આજીવન સભ્ય : | ભારતમાં | ₹ 2,500/- |
| | અમેરિકા (USA) | $ 500/- |
| | બ્રિટન (UK) | £ 300/- |

☑ લેખ તા. ૨૫ પહેલા સંપાદકના નામે મોકલવા.

☑ અંક ન મળતા સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કરી કાર્યાલયનો સંપર્ક કરવો.

☑ સરનામું બદલાય તો કાર્યાલયમાં લેખિત જાણ કરવી.

# સમાજગોષ્ઠિ

જુલાઈ - ૨૦૨૨ | અષાઢ - ૨૦૭૮

☑ **સંચાલન સમિતિ :**

| | | |
|---|---|---|
| **શ્રી દિનેશ સી. પટેલ** | ચારૂસેટ | કન્વીનર |
| **શ્રી અનિલ આર. પટેલ** | માતૃસંસ્થા-છાત્રાલય | સભ્યશ્રી |
| **શ્રી રાકેશ એમ. પટેલ** | કેળવણી મંડળ | સભ્યશ્રી |
| **શ્રી વિપુલ ભટ્ટ** | ચારૂસેટ | સભ્યશ્રી |

## ક્રમિકા

✦ સંપાદકીય. . . ૬

✦ આણંદમાં સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનું ઉદઘાટન ૮

✦ માતૃસંસ્થાના ₹ ૨૫ કરોડના મેગા પ્રોજેક્ટ અત્યાધુનિક વર્લ્ડ ક્લાસ કોમ્પ્લેક્સ 'ઉત્કર્ષ'નું ખાતમુહૂર્ત ૧૧

✦ ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી ૧૨

✦ ચારૂસેટ હૉસ્પિટલ - અહેવાલ ૨૧

✦ Activities at JMTC ૨૩

✦ Charotar University of Science & Technology (CHARUSAT) ૨૪

✦ CHARUSAT Hospital News Bulletin ૨૫

✦ અભિનંદન ૨૭



**Printed by :** Angat Shah **Publisher :** Shri Kiranbhai I. Patel, **On behalf** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Printed At :** Gujarat Printing Press, Anand • Ph: 02692 - 241254 **Published At:** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Editor :** Pro. Dr. Sharad K. Patel

## સંપાદકીય...

# સમય

ક્ષણમાં ક્ષણ ઉમેરાય છે ને મિનિટ, કલાક, દિવસ, મહિના ને વર્ષો પસાર થઈ જાય છે. આમ સમય સતત વહેતો રહે છે. સમય રોકાતો નથી. સમયનું ચક્ર સતત ફરતું રહે છે. જાણે ઘડિયાળના તીક્ષ્ણ કાંટા સમયને પાંખો વિહીન બનાવતા ઝડપથી ફર્યા જ કરે છે.

*બસ, રાત ને દિવસ અહીં દોડ્યા કરે સમય,*
*ઘડિયાળના કાંટા ઉપર હાંફ્યા કરે સમય.*
*આ ઝટપટ દોડ્યો જાય, સમયને પકડો જી,*
*એ રોક્યો રોકાય નહીં, પકડો ને છટકી જાય તે સમય.*

સમય એ સંસારની સૌથી મોટી સંપત્તિ છે. સમય એ જીવનની વ્યાખ્યા છે, કારણ કે સમયથી જ આ જીવન બને છે. જો આપણે જીવનને ચાહતા હોઈએ તો સમયને નકામો વેડફવો જોઈએ નહીં. કારણ કુદરત આપણને એક ક્ષણ આપે છે પણ બીજી ક્ષણ આપતાં, પહેલી ક્ષણ ઝૂંટવાઈ જાય છે. વર્તમાનની ક્ષણ... ક્ષણવારમાં ભૂતકાળ બની જાય છે. ગુમાવેલો, ખોવાયેલો કે પસાર થઈ ગયેલો સમય કોઈપણ પ્રકારે પાછો મેળવી શકાતો નથી. હાથમાંથી રેતી જેમ સરી જાય છે તેમ સમય સરી જતો હોય છે.

આપણે સહજ રીતે ખાલી વાતો કરવામાં ટોળ ટપ્પાં કે ગપ્પાંમાં ઘણો સમય પસાર કરીએ છીએ ને ઘડિયાળ તરફ જોતાં ખ્યાલ આવે છે કે ઘણો સમય પસાર થઈ ગયો. મહાન પુરુષોએ સમયને જ સૌથી બળવાન ગણ્યો છે. સમયનો સદ્ઉપયોગ કરવાથી જે તે ક્ષેત્રમાં આપણે ઉચ્ચત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ. જે સમયને સાચવે છે તેને સમય સાચવે છે. સમય બળવાન છે વ્યક્તિ નહીં. બધા દિવસો દરેકના જીવનમાં સરખા આવતા નથી.

સુખના, આનંદના, મોજ મજાના દિવસો જાણે ઝડપથી પસાર થઈ જાય છે. પણ દુઃખના દિવસો, માંદગીના બીછાને પડ્યા હોઈએ ત્યારે, કોઈની રાહ જોતા હોઈએ ત્યારે જાણે સમય લાંબો લાગે છે.

એક પંક્તિ છે-

*કેવો રંગ આવશે? તેવા વિચારોમાં*
*મ્હેંદી મૂકેલ હાથને જોયા કરે સમય.*

સમય વહે છે ને આપણે ઉંમરમાં મોટા થતા જઈએ છીએ. સમયના પગલાં નથી પડતાં, તેનો પગરવ પણ સંભળાતો નથી અને છતાં સમય ચાલતો રહે છે, વહેતો રહે છે, પસાર થતો રહે છે. સમય સતત પસાર થતો રહે છે. ઘણીવાર એવું થાય છે કે અલ્યા નવું વર્ષ તો હજું હમણાં શરૂ થયું ને એટલામાં મહિનો વીતી ગયો. સમયની સાથે બધું બદલાતું જાય છે. નવું થોડા સમયમાં જૂનું થઈ જાય છે. ડીજીટલ ક્રાંતિના આ સમયમાં આજનું આવતી કાલે જ જૂનું થવા લાગે છે. પરિવર્તન કુદરતનો નિયમ છે.

તમે બીજું બધું આપો અને તમારો સમય કોઈને


ખોરાક જેટલો ચાવશો તેટલો વહેલો પચશે.

આપો, એ બેમાં બહુ ફેર છે. સંતાનો માટે ઘણું બધું કરનાર મા-બાપે પોતાના સંતાનો માટે પરિવાર માટે સમય આપવો હિતકારી બની રહે છે. સામાજિક સંસ્થાઓમાં 'સમય દાન' આપીને પણ ઉત્તમ સેવા થઈ શકે છે.

વર્તમાન જે છે તેના માલિક આપણે છીએ. પ્રાપ્ત સમયનો સદ્ઉપયોગ કરીએ. પોતાના કોઈપણ કામને ભૂલીને કાલ ઉપર ના છોડવું જોઈએ. આજના કામ માટે આજનો દિવસ છે. આજની ઘડી તે રળિયામણી એ પંક્તિ નરસિંહ મહેતાની છે તે યાદ રાખવા જેવી છે. મોટેભાગે આપણએ આવતી કાલની બહું ચિંતા કરીએ છીએ અને એમાં 'આજ'ને માણવાનું ભૂલી જઈએ છીએ. સમય એ જ જીવન છે તેથી આપણે આપણા સમય પ્રત્યે થોડી તકેદારી રાખીએ, સભાનતા રાખીએ. જો પ્રાપ્ત થતી ક્ષણોનો આપણે સદ્ઉપયોગ નહીં કરીએ તો તે એક એક ક્ષણ કરીને સમય સરકી જશે. જે સમયનો સદ્ઉપયોગ કરે છે તે પોતાના ક્ષેત્રમાં પ્રગતિ હાંસલ કરી શકે છે.

સમયને આપણે ભૂતકાળ-વર્તમાનકાળ ને ભવિષ્યકાળના સંદર્ભમાં જોઈએ છીએ. જે સમય વીતી ગયો એ સમય - ભૂતકાળ, જે સમય ચાલી રહ્યો છે તે વર્તમાનકાળ અને હવે જે આવવાનો છે તે સમય ભવિષ્યકાળ. સમય કોઈની રાહ જોતો નથી.

**કેટલીક કાવ્ય પંક્તિઓઃ**

卐 મને ક્યાં એટલી ફુરસદ કે હું ચિંતા કરું એની
સમય રોકાય તો રોકાય, ના રોકાય તો વીતે.
- ઘાયલ

卐 ક્ષણનો સમય છે અને સમયમાં ક્ષણ છે
ક્ષણની ભીનાશે, મહેંકતું સમયનું રણ છે.
-ઝુબિન

卐 સમય તો આપણી સાથે જ રહેતો હોય છે હરપળ
ખરેખર આપણે જે તે સમય હાજર નથી હોતા
–ગુણવંત ઠક્કર

જય સમાજ....

**પ્રા. ડૉ. શરદ કે. પટેલ**

# આગામી સમૂહ લગ્નોત્સવ

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ-માતૃસંસ્થા તેના પ્રાંરભથી ક્રાંતિકારી અને અન્ય સમાજને પ્રેરણા આપનાર તેની સમૂહ લગ્નોત્સવની પ્રવૃત્તિથી રાહબર બન્યું છે. સમૂહ લગ્નોત્સવની આ પ્રવૃત્તિ દ્વારા ક્રમશઃ સમાજ એક જૂથ બન્યો અને સૌના સાથ-સહકારથી દર વર્ષે બે સમૂહ લગ્નોત્સવનું આયોજન થતું રહે છે.

આગામી **૧૧૦મો સમૂહ લગ્નોત્સવ** તા. ૨૯/૧૨/૨૦૨૨ના રોજ પાટીદાર સમાજ, પીપળાવના સૌજન્યથી યોજવામાં આવનાર છે. આ માટે માતૃસંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે સમૂહ લગ્ન માટે નોંધણી કરાવી લેવી.

# આણંદમાં સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પ્રાઈમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું ઉદઘાટન




## દાતાપરિવાર સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ)ના ₹ 62 લાખના દાનથી વર્તમાન શૈક્ષણિક વર્ષથી ધોરણ 1 થી 8 ની પ્રાઇમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો પ્રારંભ

આણંદ: શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, ચાંગા સંચાલિત સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ આણંદનું ઉદઘાટન 24મી જૂન શુક્રવારે ઉદઘાટક-દાતા અને કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી ચંદ્રકાંતભાઈ વી. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાશ્રીના નામની તકતીની અનાવરણવિધિ દાતાશ્રી અને મહેમાનોના હસ્તે કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પરિવારના રૂ. 62 લાખના દાનથી પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ આણંદમાં વર્તમાન શૈક્ષણિક વર્ષથી ધોરણ 1 થી 8 ની સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સમારંભના પ્રમુખસ્થાને કેળવણી મંડળ- ચારુસેટ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ચારુસેટ-PDPIAS ના પેટ્રન-દાતા શ્રી મનુભાઈ પી. ડી. પટેલ, વિશેષ આમંત્રિત તરીકે કેળવણી મંડળના માનદ મંત્રી ડો. એમ. સી. પટેલ, અતિથિવિશેષપદે કેળવણી મંડળના સહમંત્રી અને આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મુંબઈ ઘટકના પ્રમુખ શ્રી કિરણભાઈ પટેલ (નરસંડા), આમંત્રિત મહેમાન તરીકે આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી રૂપલબેન પટેલ ઉપરાંત કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રભાઈ પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ પટેલ (સાથી), કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી.એ.પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી શ્રી અશોકભાઇ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ આઈ. પટેલ, સહમંત્રી


માણસ સુંદર ઘર બાંધી શકે છે તંદુરસ્ત શરીર જાળવી શકતો નથી.

શ્રીમતી મધુબેન પટેલ, છાત્રાલયના ભૂમિદાતા શ્રી વિપેન્દ્ર પટેલ, આણંદ શૈક્ષણિક સંકુલના કો-ઓર્ડિનેટર ચિરાગ પટેલ, માતૃસંસ્થા - કેળવણી મંડળ - ચારુસેટ - CHRFના હોદ્દેદારો – પદાધિકારીઓ - સભ્યો, માતૃસંસ્થાના ઉપપ્રમુખ નવનીતભાઈ પટેલ, વી. એમ. પટેલ, હેમંતભાઈ પટેલ (વકીલ), ચંદ્રકાંત પટેલ (એક્ટર), દિલીપ પટેલ, પલ્લવીબેન પટેલ, ભારતીબેન પટેલ, ચારૂસેટના પ્રોવોસ્ટ ડૉ. આર.વી. ઉપાધ્યાય, એડવાઈઝર ડૉ. બી. જી. પટેલ, રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશી, સ્કૂલના શિક્ષકો-શિક્ષિકાઓ અને વિદ્યાર્થી ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા. દાતાશ્રીના પરિવારજનો ખાસ મુંબઈથી હાજર રહ્યા હતા.

મહેમાનોના હસ્તે દીપપ્રાગટયવિધિ બાદ વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. સ્વાગત પ્રવચન આણંદ શૈક્ષણિક સંકુલના કો-ઓર્ડિનેટર ચિરાગ પટેલે કર્યું હતું.

ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોને મહેમાનોના હસ્તે મેડલ-પ્રમાણપત્ર અને ઇનામવિતરણથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શ્રી વિપુલભાઈ પટેલે જણાવ્યું કે શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સમાજ માતૃસંસ્થા દ્વારા સ્થપાયેલા કેળવણી મંડળના પદાધિકારીઓની દીર્ઘદ્રષ્ટિના કારણે છાત્રાલય, ડી. ઝેડ. પટેલ હાઇ સ્કૂલ, ચારુસેટ યુનિવર્સિટી, ચારુસેટ હોસ્પિટલનું નિર્માણ થયું છે અને આજે સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઇ) પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ આણંદમાં વર્તમાન શૈક્ષણિક વર્ષથી ધોરણ 1 થી 8 ના વર્ગોનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. સમાજના પદાધિકારીઓએ સમાજ-શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રે જે સપના નિહાળ્યા છે તેને સિધ્ધ કર્યા છે. પારદર્શી વહીવટના કારણે દેશવિદેશના દાતાઓ દ્વારા કરોડો રૂપિયાનું માતબર દાન પ્રાપ્ત થયું છે. હજુ સમાજની વધુ સેવા કરવી છે અને તે માટે વધારે દાનની જરૂર છે. 28 વર્ષ અગાઉ 1994માં ડી. ઝેડ. પટેલ હાઇસ્કૂલની સ્થાપના થઈ હતી. હાલમાં સ્કૂલમાં 852 વિદ્યાર્થીઓ-91 ટકા જેટલી સંખ્યા પરિપૂર્ણ થઈ છે. સ્કૂલમાં તેજસ્વી વિદ્યાર્થીઓને માટે ફી માફી આપવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે ભોજન, વિવિધ ગામોમાંથી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરવામાં આવી છે.

ડો. એમ. સી. પટેલે જણાવ્યું કે સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) દાતા પરિવારનો પરિચય આપ્યો હતો અને કહ્યું હતું કે શરૂઆતથી જ દાતા પરિવાર આપણી સંસ્થા સાથે જોડાયેલો છે અને અત્યાર સુધીમાં આ પરિવારે રૂ. 3.25 કરોડનું માતબર દાન આપ્યું છે. પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ માટે દાતા પરિવારે ₹ 62 લાખનું દાન આપ્યું છે. ચારુસેટ-PDPIAS ના પેટ્રન-દાતા શ્રી મનુભાઈ પી. ડી. પટેલે પણ ચારુસેટ કેમ્પસને ₹ 15 કરોડથી વધુ દાન આપ્યું છે. આમ દેશવિદેશના દાતાઓએ સંસ્થાને કરોડો રૂપિયાનું માતબર દાન આપ્યું છે. દાતાઓના દાનની સાથે સાથે આપણી સંસ્થાઓને સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા છે ત્યારે BAPSના શાસ્ત્રીજી મહારાજનું નામ ચારુસેટ કેમ્પસ સાથે સંકળાય તેવા આપણે સૌ સહિયારા પ્રયાસો આદરીએ.

કિરણભાઈ પટેલે જણાવ્યુ કે દાતા પરિવાર હમેશા આપણી ચાર સંસ્થાઓ સાથે રહ્યા છે આજે સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઈ) પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ શરૂ થઈ છે ત્યારે સમાજના

બધા હોદ્દેદારો, કારોબારી સભ્યો, વાલીઓને વિનંતી કે તેમના સંતાનોને આપણી સ્કૂલમાં અભ્યાસ કરાવે અને સમાજે લાભ લેવો જોઈએ તેમજ દાનનો પ્રવાહ યથાવત રાખે. આ ઉપરાંત તેમણે માતૃસંસ્થાના રૂ. 25 કરોડના મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ 'ઉત્કર્ષ' માટે દાન આપવા અનુરોધ કર્યો હતો.

મનુભાઈ પી. ડી. પટેલે જણાવ્યુ કે લલિતાબા અને વિઠ્ઠલભાઈ પટેલે આ સ્કૂલ થકી સમાજની સેવા કરી છે તે વાતનો આનંદ છે.

દાતા ચંદ્રકાંત પટેલે જણાવ્યુ કે ચારુસેટ કેમ્પસમાં દાન આપ્યા પછી ડી. ઝેડ. સ્કૂલમાં દાન આપવા માટે પદાધિકારીઓએ અનુરોધ કરતા તેમની લાગણીને માન આપીને અમે આ પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ માટે રૂ. 62 લાખનું દાન આપ્યું હતું. આ સ્કૂલ ચાર જ માસમાં તૈયાર થઇ છે જેનો વિશેષ આનંદ છે. તેમણે આગામી સમયમાં પણ જરૂરિયાત પ્રમાણે આર્થિક સહયોગ આપવા ખાતરી આપી હતી.

શ્રી સુરેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે આજે આ પ્રાઇમરી સ્કૂલ શરૂ થતાં અધૂરી લિન્ક પૂરી થઈ છે. અહીં પહેલા ધોરણમાં દાખલ થયેલો વિદ્યાર્થી ચારુસેટમાં પી. એચ. ડી. સુધી અભ્યાસ કરી શકશે તેનો વિશેષ આનંદ છે. ચંદ્રકાન્ત પટેલ પરિવારના દાન માટે ઋણી છીએ. અહી ઓછા ખર્ચે સારું શિક્ષણ પ્રાપ્ત થાય છે. ડી. ઝેડ. પટેલ સ્કૂલની ટીમે ટૂંકા ગાળામાં માળખાકીય સુવ્યવસ્થિત આયોજન થકી આ સ્કૂલ શરૂ કરી છે તે અભિનંદનને પાત્ર છે. આપણા સમાજના બાળકો વધુ સંખ્યામાં પ્રવેશ લે તેવી વિનંતી છે. આપણી સ્કૂલ જીલ્લામાં સર્વશ્રેષ્ઠ સ્કૂલ તરીકે આગળ આવે તેની અપેક્ષા છે.

ડી. ઝેડ. પટેલ હાઇ સ્કૂલ તથા સ્વ. લલિતાબા વિઠ્ઠલભાઈ પટેલ (રામોલ/મુંબઇ) પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ તેજલબેન જાનીએ અંતમાં આભારવિધિ કરી હતી. સમારંભનું સુંદર સંચાલન સ્કૂલના શિક્ષિકા એકતા દવેએ કર્યું હતું.





કાયાને ભલે સોનાના પલંગની માયા લાગી હોય તો પણ ચિરનિંદ્રા લાકડાની શૈયા ઉપર થવાની છે.

# માતૃસંસ્થાના ₹ ૨૫ કરોડના મેગા પ્રોજેક્ટ અત્યાધુનિક વર્લ્ડ ક્લાસ કોમ્પ્લેક્સ 'ઉત્કર્ષ'નું ખાતમુહૂર્ત

-શ્રી વિપુલ ભટ્ટ



શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ- માતૃસંસ્થા" દ્વારા આણંદ-વિદ્યાનગર રોડ પર નવનિર્માણ પામનાર વૈશ્વિક કક્ષાના અત્યાધુનિક વર્લ્ડ ક્લાસ મલ્ટીપર્પઝ-મલ્ટી કલ્ચરલ કોમ્પ્લેક્સ "ઉત્કર્ષ" નું ખાતમુહૂર્ત 27 જૂન, સોમવારે BAPS સ્વામીનારાયણ મંદિર આણંદના કોઠારી ભગવતચરણસ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. માતૃસંસ્થાએ 6 માળનું સુવિધાયુક્ત મલ્ટીપર્પઝ કોમ્પ્લેક્સ 'રૂ. 25 કરોડના ખર્ચે ઉત્કર્ષ'નું નિર્માણ કરવાનો મેગા પ્રોજેકટ હાથ ધર્યો છે.

આ પ્રસંગે માતૃસંસ્થા, કેળવણી મંડળ અને CHRFના મંત્રી ડો. એમ. સી. પટેલ CHRFના ઉપપ્રમુખ-કેળવણી મંડળના ટ્રસ્ટી વીરેન્દ્રભાઈ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ- માતૃસંસ્થા-CHRF ના ખજાનચી શ્રી કિરણભાઈ પટેલ, માતૃસંસ્થાના ઉપપ્રમુખ નવનીતભાઈ પટેલ, માતૃસંસ્થાના સહમંત્રી શ્રીમતી ભારતીબેન પટેલ, પ્રોજેકટ ચેરમેન વી. એમ. પટેલ, શ્રી ચંદ્રકાંત પટેલ એક્ટર, જમીન દાતા પરિવારના શ્રી વીપેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ (સમાજ છાત્રાલય), બિલ્ડક્વિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ચેરમેન પરેશ ઠાકર, માતૃસંસ્થા–કેળવણી મંડળના પદાધિકારીઓ, હોદેદારો, કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

BAPS સ્વામીનારાયણ મંદિર આણંદના કોઠારી ભગવતચરણસ્વામી અને સંતોના હસ્તે ભગવાનની પૂજા વિધિ કરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ભગવતચરણસ્વામી અને સંતોએ આ પ્રોજેક્ટ વેળાસર પરિપૂર્ણ થાય તેવા આશિર્વચન આપ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. બિલ્ડક્વિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ચેરમેન પરેશ ઠાકર દ્વારા માતૃસંસ્થાના ઉપસ્થિત તમામ હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું અને સમયમર્યાદામાં પ્રોજેકટ પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

આ મલ્ટીપર્પઝ કોમ્પ્લેક્સમાં માતૃસંસ્થાના સેન્ટ્રલ હેડ ક્વાર્ટર જેમાં પ્રેસિડન્ટ રૂમ, ટ્રસ્ટીઓની રૂમ, કોન્ફરન્સ રૂમ, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ, ગેસ્ટ રૂમ, રિસેપ્શન/વેઇટિંગ લોન્જ, મહેમાનો/વીઆઇપી માટે ડાઈનિંગ રૂમ, રેકોર્ડ રૂમ બનશે. હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ માટે આવાસ/રૂમો, રેકટર રૂમ, ઓફિસ-સ્ટાફ રૂમ, ઈન્ડોર ગેમ્સ રૂમ, ઓડિયો-વિડીયો રૂમ, જિમ્નેશિયમ નિર્માણ થશે.

આ ઉપરાંત અન્ય સુવિધાઓમાં કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, મ્યુઝિક રૂમ, મલ્ટી કુઝિન ડાઈનિંગ

હૉલ, વીઆઈપી ડાઈનિંગ હૉલ, સોલાર રૂફટોપ, ઓડિટોરિયમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફિઝિયોથેરાપી સેન્ટરમાં ડોક્ટર્સ રૂમ, મેડિટેશન/યોગા રૂમ, થેરાપી રૂમ, ઓપન ટેરેસ યોગા સેન્ટરનું નિર્માણ થશે. IAS/IPS ટ્રેનીંગ સેન્ટરમાં મલ્ટી-પર્પઝ રૂમ અને ટીચિંગ એન્ડ લર્નિંગ ક્લાસ-રૂમ થશે. શોપિંગ કોમ્પ્લેક્સમાં વિવિધ શોપ તેમજ પાર્કિંગ અને લિફ્ટની સુવિધા ઉભી કરાશે.

અંદાજે 45 હજાર ચોરસ ફૂટમાં હોસ્ટેલના 4 માળ બંધાશે ત્યાર પછી 3 થી 6 સુધીના 4 માળમાં હોસ્ટેલ બિલ્ડીંગ 60 એર કંડીશન રૂમોની બનશે જેમાં 180 વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. હોસ્ટેલની 60 રૂમોની એટ્લે કે 180 વિદ્યાર્થીઓની જે જોગવાઈ કરાઇ છે તે તમામ રૂમો એર કંડીશન તથા એટેચ ટોઇલેટ બાથરૂમની જોગવાઈ છે. ઉપરાંત દરેક રૂમમાં 3 બેડ, 3 ટેબલ, 3 ખુરશી તથા 3 કબાટની જોગવાઈ છે. દરેક ફ્લોર પર 15 રૂમ બનશે. આથી બીજા 120 વિદ્યાર્થીઓ માટે રહેવાની સુવિધા કરવામાં આવશે. કુલ 240 વિદ્યાર્થીઓની એક્સટેન્શન માટેની જરૂરિયાતનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક રૂમનો કારપેટ એરિયા 200 ચોરસ ફૂટ કરતાં વધુ લેવામાં આવ્યો છે. પ્લોટના આગળના ભાગમાં અંદાજે 15 હજાર ચોરસ ફૂટમાં વધારાની અન્ય પર્પઝ માટેની વધારાના પાર્કિંગ સાથેની જોગવાઈ થઈ છે.

આ પ્રોજેકટ 18 માસમાં પૂર્ણ થવાની શક્યતા છે.આ હોસ્ટેલમાં ડી. ઝેડ. પટેલ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ, ચારુસેટના વિદ્યાર્થીઓ, NRI વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા ઉપલબ્ધ થશે.

ઉલ્લેખનીય છે કે શરૂઆતથી જ માતૃસંસ્થાને ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદજી મહારાજના આશીર્વાદ મળ્યા છે જેમણે રૂ. આ મેગા પ્રોજેક્ટમાં 11 લાખનું દાન આપ્યું છે. આ ઉપરાંત સમાજ-ગોળના ગામો તથા સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ તેમજ સામાન્ય નાગરિકો પાસેથી પણ માતૃસંસ્થાને આ પ્રોજેકટ માટે જરૂરી દાન પ્રાપ્ત થઈ રહ્યું છે.

# ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી

**શ્રી હસમુખભાઈ પટેલ**, ડેપ્યુટી રજીસ્ટ્રાર, ચારૂસેટ
**પ્રૉ. કૌશિક ત્રિવેદી**, આસી. પ્રોફે., ચારૂસેટ
**પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ**
**ડૉ. અતુલ પટેલ**, પ્રિ. CMPICA, ચારૂસેટ

## ચારૂસેટમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ‘માનવીય સંબંધો’ વિશે પ્રેરણાલક્ષી સેમિનાર

**પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી લોકોને સમજવાની કળા અને માનવીય સંબંધોની કળા આપણે શીખીએ, સમજીએ અને અમલમાં મૂકીએ: વિખ્યાત મોટીવેશનલ સ્પીકર અપૂર્વમુનિ સ્વામી**

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગા તેમજ આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેમિનાર યોજાયો હતો. “The Art of Understanding People from the Life of Pramukhswami Maharaj” વિશે વિખ્યાત મોટીવેશનલ સ્પીકર અને રાજકોટ BAPS સ્વામિનારાયણ મંદિરના સંતનિર્દેશક અપૂર્વમુનિ સ્વામીનું પ્રેરણાત્મક પ્રવચન યોજાયું હતું.

આ પ્રસંગે આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરના નિયામક પ્રો. ડો. શ્રુતિપ્રકાશ સ્વામી, આણંદ BAPS સ્વામિનારાયણ મંદિરના કોઠારી ભગવતચરણ સ્વામી, મહેળાવ BAPS સ્વામિનારાયણ મંદિરના કોઠારી ગુણનિધિ સ્વામી, વિવિધ સંતો, અગ્રણી દાતા મનુભાઈ પી. ડી. પટેલ (દુબઈ), કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી.એ.પટેલ, ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ

પટેલ એડવાઈઝર ડૉ. બી. જી. પટેલ, કેળવણી મંડળ-ચારૂસેટના હોદ્દેદારો – સભ્યો, પ્રિન્સિપાલો, સ્ટાફ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અપૂર્વમુનિ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી લોકોને સમજવાની કળા વિશે આપેલા પ્રેરણાદાયી વક્તવ્યમાં કહ્યું કે "પ્રમુખસ્વામી મહારાજ લોકોના મનને, તકલીફને, માનસને ઓળખતા હતા, સમજતા હતા અને તેનો ઉકેલ લાવતા અને તકલીફ દૂર કરતાં હતા. આપણે વ્યક્તિ કે મહાપુરુષોને જીવતા ઓળખી શકતા નથી અને તેમના નિધન પછી તેમની યાદમાં પ્રતિમાઓની સ્થાપના કરીએ છીએ., પરંતુ પ્રમુખસ્વામી મહારાજે એવા કાર્યો કર્યાં હતાં કે તેમનાં લોકોત્તર કાર્યોને કારણે સ્વામીશ્રી લોક હ્રદયમાં હંમેશ બીરાજી ગયા છે. માણસ જીવતા હોય ત્યારે તેમની કદર કરશો તો સંસ્કૃતિની બહુ મોટી સેવા ગણાશે. પ્રમુખસ્વામી મહારાજ રાષ્ટ્રીય પુરુષ હતા. તેઓ 6 ચોપડી ભણ્યા હોવા છતાં માણસને ઓળખતા હતા. અત્યારના જમાનામાં એક માણસ બીજા માણસને ઓળખી શકતો નથી. પરિવારમાં પણ એકબીજાના મન કળવા અઘરા હોય છે. લોકો ઘરમાં શ્વાન પાળે છે અને તેની સુવિધાઓ ધ્યાનમાં રાખે છે પણ પરિવારના સભ્યોને શી જરૂર છે તેની ખબર હોતી નથી. આપણે એલિયન, મંગળ, ટેકનોલોજી સમજવા પ્રયાસ કરીએ છે પણ બાજુમાં બેઠેલી વ્યક્તિને સમજતા નથી. પ્રમુખસ્વામી મહારાજ માણસને ઓળખી શકતા હતા. તેને શેમાં આનંદ મળે છે તે સમજી શકતા હતા. તેઓ લોકોને સાચવી શકતા હતા, બધાને ભેગા રાખી કામ કરાવવાની તેમની આવડત હતી, હ્યુમન રિલેશન-માનવીય સંબંધોમાં તેઓ માહેર હતા. માનવી સાથે કામ લેવું તેમના માટે સરળ હતું. બીજી વ્યક્તિઓની જરૂરિયાતો સમજવી તેમના માટે સરળ હતી. અક્ષરધામ પર આતંકવાદી હૂમલો કે કચ્છનો ભૂકંપ હોય, તેઓ લોકોની સંવેદના સમજતા હતા.

અપૂર્વમુનિ સ્વામીએ કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજ લોકોની શારીરિક/આર્થિક સંકડામણ સમજતા અને તેને દૂર કરવાનો પ્રયાસ કરતાં. અત્યારે સંતાનો માતાપિતાની અને પત્ની પતિની આર્થિક સ્થિતિ સમજતા નથી ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. દાંપત્યજીવનમા નિષ્ફળતા મળે છે. આપણી સાથે લોકોની બૌધ્ધિક મર્યાદા પણ સમજવી જરૂરી છે દરેકની મર્યાદા હોય છે. તેઓ દરેકની ક્ષમતા ઓળખતા, રુચિ-રસ ઓળખતા અને તેને તે પ્રમાણે કામ સોંપતા હતા. આપણે વિચારધારા બદલી પરિવારના લોકોની રુચિ સમજાવી જોઈએ. આપણે સંતાનોના માનસને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ. વૉલ્ટ ડિઝની, જ્યોર્જ બુશ, વિજયપત સિંઘાનીય વગેરે જેવા મોટા માણસો પોતાના સંતાનોને સમજવામાં નિષ્ફળ ગયા છે. પ્રમુખસ્વામી મહારાજ દરેકને કાન-ધ્યાન-મન આપતા હતા લોકોના મન સુધી પહોંચવાની તેમની વિશેષતા હતી. તેઓ ક્યારેય કોઈને નિરાશ કરતાં નહોતા. અત્યારે બીજાને સમજવા અઘરા હોય છે ત્યારે જેની સાથે રહેતા હોઈએ તેના હદયની ભાવના સમજવી જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ વાદળની નીચે સંતાયેલા સૂર્યને જોઈ શકતા હતા. ખામીઓને સહન કરતાં અને ખૂબીઓને બિરદાવતા હતા. દરેકની નાની નાની બાબતોની પ્રશંસા કરવી જોઈએ. તેઓ જ્ઞાતિ સંપ્રદાયથી પર પુરુષ હતા. તેમના જીવનમાંથી આપણે વિચારધારા બદલી માનવીય સંબંધોની કળા આપણે શીખીએ, સમજીએ અને અમલમાં મૂકીએ. સ્વામીશ્રી માનવીય સંબંધો બાંધવામાં – નિભાવવામાં માહેર હતા. આજે વ્યક્તિ એટિકેટ અને બાહ્ય આચાર વગેરે સમજે છે પરંતુ પોતાના સંતાનોને સમજી શકતા નથી. તે કળા પ્રમુખસ્વામી મહારાજમાં સહજ હતી અને એ કળા પોતાના આશ્રિતોમાં આત્મસાત કરવવામાં તેઓ માહેર હતા. અન્ય વ્યક્તિઓની જરૂરિયાતો- રુચિને

સમજવી એ પ્રમુખસ્વામી મહારાજમાં વિશેષતા હતી. બીજાની કરેલી ભૂલ સ્વીકારીને તેને આગળ વધારવાની સમજણ તેઓ આપતા. પ્રમુખસ્વામી મહારાજ અન્યોની રુચિ અને અરુચિ : બંનેને સમજી શકતા. પ્રમુખસ્વામી મહારાજ ગમે તેટલી ઊંચાઈ પર હતા પણ તેઓ નીચેના માણસ સાથે માનવીય સંબંધો કોમળ રાખી વ્યક્તિના હૃદયની ભાવના, લાગણીઓ સમજી શકતા હતા. પ્રમુખસ્વામી મહારાજ દરેકને કામની સફળતાની ક્રેડીટ આપતા. એમ આપણે પણ આપણી સાથે રહેતા માણસોની ક્રેડીટ આપતા રહેવું. સ્વર્ગ સુધી રસ્તો બાંધવો સહેલો છે પણ હૃદય સુધીનો રસ્તો બાંધવો અઘરો છે. પ્રમુખસ્વામી મહારાજ બી.એ.પી. એસ. સંસ્થાના જ ન્હોતા પણ તેઓ લોકોત્તર પુરુષ હતા, આપણે પ્રમુખસ્વામી મહારાજની જેમ માનવીય સંબંધો રાખતા શીખીએ.

પ્રારંભમાં પ્રાર્થના, સંતો અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સંતોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને સૌને આવકાર આપ્યો હતો તેમજ BAPS અને ચારુસેટ વચ્ચેના ગાઢ સંબંધો યાદ કર્યા હતા. એડવાઈઝર ડૉ. બી. જી. પટેલે ચારુસેટ યુનિવર્સિટીનો પરિચય આપ્યો હતો અને પ્રમુખસ્વામી સાથેના સ્મરણો રજૂ કર્યા હતા. ડૉ. દેવાંગ જોશીએ અંતમાં આભારવિધિ કરી હતી.

આણંદ BAPS સ્વામિનારાયણ મંદિરના કોઠારી ભગવતચરણ સ્વામીએ આશીર્વચન પાઠવતા જણાવ્યુ હતું કે ચારુસેટ પર સ્વામીજીના સદાય આશીર્વાદ રહેલા છે. ચારૂસેટમાં નવા સંકુલની સ્થાપના સમયથી પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ હંમેશા મળતા રહ્યા છે. ઊતરોત્તર નવા સંકુલો થાય ત્યારે સ્વામીજી આશીર્વાદ આપતા હતા. ચારુસેટે હોદેદારો-દાતાઓના સાથ સહકારથી ખૂબ જ ઓછા સમયમાં ઘણી પ્રગતિ કરી છે. ચારુસેટના વહીવટકર્તાઓ નિસ્વાર્થ ભાવે સેવા કરે છે અને પારદર્શી વહીવટ કરે છે જેના લીધે દેશવિદેશના દાતાઓ મન મૂકીને દાન આપે છે. અ સંસ્થા વધુ વિકાસ પામે અને મેડિકલ કોલેજનો સંકલ્પ પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરના નિયામક પ્રો. ડો. શ્રુતિપ્રકાશ સ્વામીએ આશીર્વચન પાઠવતા જણાવ્યુ હતું કે ચારુ શબ્દ સંસ્કૃત છે અને શ્રેષ્ઠ માટે વપરાય છે અને ચારુસેટ આ પ્રકારની શ્રેષ્ઠ યુનિવર્સિટી છે તે આજે કેમ્પસ જોઇને અનુભવ્યું છે. સ્વામીજી દરેક વ્યક્તિને ઓળખતા અને તેમની પાસેથી આગવી કળા ખીલવી શકતા હતા.

કાર્યક્રમનું સંચાલન ચારુસેટના ફેકલ્ટી આનંદ પટેલે કર્યું હતું. કાર્યક્રમના આયોજનમાં ચારુસેટના ફેકલ્ટી આનંદ પટેલ અને અશ્વિન મકવાણાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે વિવિધ સેમીનારો યોજાઇ રહ્યા છે ત્યારે ચારૂસેટમાં આઠમો સેમિનાર યોજાયો હતો.

## ચારૂસેટ યુનિવર્સિટી અને કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) વચ્ચે MOU પર હસ્તાક્ષર

**MOU અંતર્ગત ચારૂસેટ અને કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઈન્ડસ્ટ્રી વચ્ચે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, યુનિવર્સિટીના "બોર્ડ ઓફ સ્ટડીઝ" પર CIIના પ્રતિનિધિત્વ દ્વારા ઇન્ડસ્ટ્રી રિસ્પોન્સિવ અભ્યાસક્રમનો વિકાસ, સ્ટુડન્ટ ઇન્ટર્નશિપ્સ યોજાશે**

ચાંગાસ્થિત વિશ્વવિખ્યાત ચારૂસેટ યુનિવર્સીટી અને કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) વચ્ચે 15મી જૂન, 2022ના રોજ MOU 2 વર્ષ માટે રિન્યુ કરવા MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ચારૂસેટ યુનિવર્સિટીમાં MOU પર હસ્તાક્ષર કરવા માટે આયોજિત મિટિંગ દરમિયાન CII તરફથી મહાનુભાવો

શ્રી ગૌરાંગ જોશીપુરા, MD - Zeppelin Systems Pvt Ltd, શ્રી કમલ ડબાવાલા (ચેરમેન અને એમડી - કન્ટિન્યુઅસ લર્નિંગ પ્રા. લિ.), શ્રીમતી એકતા મેહુલ, (મુખ્ય નિયામક - ઓરેના સોલ્યુશન્સ), શ્રીમતી પાયલ માલુ, (CII સેક્રેટરિયેટ) ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ચારુસેટ તરફથી કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી અશોક પટેલ, પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય, રજીસ્ટ્રાર ડો. દેવાંગ જોશી, પ્રો. ડો. અશ્વિન મકવાણા, ડો. સમીર પટેલ, પાર્થ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

નવા એમઓયુ પર વિવિધ ઉદ્દેશ્યો સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જેમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, યુનિવર્સિટીના "બોર્ડ ઓફ સ્ટડીઝ" પર CIIના પ્રતિનિધિત્વ દ્વારા ઇન્ડસ્ટ્રી રિસ્પોન્સિવ અભ્યાસક્રમનો વિકાસ, સ્ટુડન્ટ ઇન્ટર્નશિપ્સ, ઉદ્યોગ સાથે ફેકલ્ટીના વધુ સંપર્ક-જોડાણ માટે વિવિધ ઉપાયોનું નિર્માણ, ઉદ્યોગ અને શિક્ષણવિદો વચ્ચે સ્ટાફનો વિનિમય, ઉદ્યોગ દ્વારા સંસ્થામાં R&D સુવિધાઓનો ઉપયોગ અને R&Dમાં ઉદ્યોગનો સમાવેશ, ઉદ્યોગના R&D વિભાગના સહયોગથી ઉદ્યોગ સંબંધિત સંશોધન હાથ ધરવા, નવી શોધો/વિકાસ અને નવીન વૈજ્ઞાનિક કાર્ય હાથ ધરવા ઉદ્યોગને માહિતગાર રાખવા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉના એમઓયુ પર 2 વર્ષ માટે 16મી એપ્રિલ, 2019ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અગાઉના એમઓયુના પરિણામમાં ચારુસેટ ફેકલ્ટીઓએ એરઝેન મશીન્સ પ્રા. લિ. ઝેપ્પેલીન સિસ્ટમ્સ ઈન્ડિયા પ્રા. લિ. સન ફાર્માસ્યુટિકલ્સ લિ. માં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સમાં ભાગ લીધો હતો. ઝેપ્પેલીન સિસ્ટમ્સ ઈન્ડિયા પ્રા. લિ. ના MD ગૌરાંગ જોશીપુરાને CSPIT, CHARUSAT ના સલાહકાર બોર્ડ અને બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ચારુસેટે CII ની મદદથી ઉદ્યોગ દ્વારા તેમની જરૂરિયાત મુજબ ઉપયોગ કરવા તેની લેબ સુવિધાઓ ઓફર કરી હતી. સંબંધિત વિષય ક્ષેત્રોમાં કુશળતા વહેંચવા વિવિધ CII પેનલ્સ (પ્રાદેશિક અને રાજ્ય) માં ચારુસેટ સભ્યોની સક્રિય ભાગીદારી, CII દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમો જેમ કે વાર્ષિક સામાન્ય સભામાં ચારુસેટ સભ્યોની સક્રિય ભાગીદારી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ચારુસેટ સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી દ્વારા 5મી ચારુસેટ એન્ડોવમેન્ટ ચેર એક્ટિવિટી

ચાંગાસ્થિત વિખ્યાત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ચારુસેટ) સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (RPCP) દ્વારા 20 થી 24 જૂન દરમિયાન 5મી ચારુસેટ એન્ડોવમેન્ટ ચેર એક્ટિવિટીના ભાગરૂપે  લેકચર સીરિઝ, લેબોરેટરી સેશન અને હેન્ડસ ઓન વર્કશોપ યોજાયા હતા.

